
"વગર વાંચ્યે કોઈ રહેવાનું નથી."

(અસલ)

सदेवंत सावळींगा नाटकनां मधुर गायनो.

રચનાર
જોશી ભીખારામ શવજી કનૈયા



દોહરો.

નવરસમાં ન્યારી ચતુરો, સુંદર રસ શૃંગાર;
"ભીખન" ભૂધર ભાખીયે, ઉતરે પેલે પાર.

આવૃત્તિ બીજી.

અમદાવાદ ઘીકાંટે યુનિયન પ્રિન્ટીંગ પ્રેસ.

સંવત ૧૯૪૬. સને ૧૮૯૦.

કીંમત દોઢ આનો.

પાત્ર વર્ગ.

સદેવંત..................પ્રીતીપુરનો રાજા.

સાવળીંગા..................પ્રીતીપુરના નગરશેઠની પુત્રી.

લીલાવતી..................સાવળીંગાની સહીયર.

જોગી... ....બાળનાથ ઉર્ફે ગોરખો.

બાભી..................સાવળીંગાની.

રૂપાશા..................અલક.પુરનો નગરશેઠ.

વીરમદે..................અલકાપુરનો રાજા.

વિદુષક..................એકમશ્કરો.

કનકાવતી..................વીરમદેની પુત્રી.

દેવજીગોર..................સાવળીંગા અને રૂપશાનોગોર.

માલણ—અલકાપુરની.

પછીથી દાસ દાસીયો શીપાઈ છોકરાઓ મેહેતાજી વગેરે.

सदेवंत सावलींगा नाटकमां गवातां गायन.

મંગળાચરણ.

(સર્વ પાત્રો ઈશ્વર સ્તુતી)

ધનાશ્રીની ગઝલ.

(પુર્ણ થયોછે ખેલ સજનો પુર્ણ થયો છે ખેલ. એ રાગ.)

જયજય જગ આધાર, પ્યારા પ્રભુ, જયજય જગ આધાર. ટેક.
વીભ ગણીં તું વ્યાપીક સઘળે વંદન કરીએ આવાર. પ્યારા૦
જ્ઞાન ઝરાનું ઝરણુ ફેલાવી, તમી કરો સંસાર. પ્યારા૦
"મોમન" કહેછે ભવસીંધુમાં, શાંતીનો તું કરનાર. પ્યારા૦

(છે જન પાળક ટાળક દુઃખનો. એ રાગ.)

સદા અમારી સહાયતા કરજે, અરજ નિરંતર અંતર ધરજે;
તુજ ગતી છે અપરંપાર, કળી શકે નહીં કોઈ લગાર;
વંદન કરીએ વારંવાર, ક્લેશ હમેશનાં તું હરજે ટેક.
સતયુગે નરહર રૂપ ધર્યું, દાસ પ્રહલાદનું દુઃખ હર્યું;
હીરણ્યાકસ્યપ મારી ઠાર, ભૂતળનો ઉતાર્યો ભાર;
હણવા અસુર ધરી અવતાર, સુખ પામે ભક્તો નરજે. ૧

પ્રવેશ ૧ લો.

સ્થળ—મેહેલ

સાવળીંગા અને લીલાવતી તેની સખી બેઠાં છે ત્યાં.

સાવળીંગા.—(લીલાવતી પ્રત્યે)

મારારે સ્વામી બોલેને વાલા એ રાગ.

લીલાવતી વહાલી સૈયર મારી; તદન સારી વાત ગમે તારી. ટેક.
જોઈ બાળાપણુની સખી જોડી; દુઃખી સમે આવે છે તું દોડી;
ચંચળ સુખ શાંન્તીમાં ચીત ચહોડી. લીલાવતી૦ ૧
ચકોર ચંદ્ર દિઠે શાંન્તી, કોમળ પ્રફુલીત સુંદર કાંન્તી;
મેટી મારી ભાંગેછે તું ભ્રાંન્તી. લીલાવતી૦ ૨
છબી તારી જોઈ સુંદર સારી, પુરણુ મને લાગે છે પ્યારી;
ભમર નથી ભેટયો અરે બારી. લીલાવતી૦ ૩

લીલાવતી— **ઠુમરી ભૈરવીની.**

(કહાં ગયો શાહજાદા જાની પ્યારા. એ રાગ.)

તારૂં જોબન ખાય છે ઝોલું, દુખી સમુંદ્રમાં ડોલુંરે; ટેક.
નીર્મળ ચંચુ કીરશું નાસીકા, ઓષ્ટ અધર પ્રવાલુંરે;
હંસા ચાલતું ચતુરાં ચાલી, ખંજન નેન શું ભોલું રે;
સુંદર આછો સાળુડો ઓઢી, ઝબકી રહેવીજ મોહોલુરે;

સાવળીંગા— **ભૈરવીની ઠુમરી.**

(મેંતો શાહજાદાકું ઢુંઢન ચલીયાંરે. એ રાગ)

સુંણુ શાણી લીલાવતી બેનીરે. ટેક.
શરદ કમળ સુખ સરદ ઈંદુથી, ચંદ્ર વિના જેવી રેણીરે. સુંણુ.
ભમર વિના ભર જોબન કળીયાં, સુંદર ખીલે શેનીરે. સુંણુ.
કેવો મળશે કંથ કળાવલ, સ્વામી વીના એ ચેનીરે. સુંણુ.

લીલાવતી— **રાગ કલ્યાણ.** (શ્રી જગતપતી એ)

કહું ખરી કથી, જુઓ મથી મથી;
નાથ વિના સૂખ, નવે ખંડમાં નથી. ટેક.
ઈચ્છા વરથી આનંદ પામે, વહાલી કર વિચાર;

પસંદ પડયું તે પ્રાણુ બરાબર, ઉપજે પ્રેમ અપાર. કહુ૦
પુત્રી કેરા પૈસા લે તે, ગાના માંસ સમાન;
પાપી જન પાછળ પસ્તાએ, દીએ દુષ્ટને દાન કહુ૦
હરામખોરો હોય પુત્રીને, ફડકે પાડી ફાળ;
ઉંડા કુવામાં ઉતારે, પ્યારી પુત્રી બાળ. કહુ૦
રૌરવ નર્ક તણા અધિકારી, કાળમખાં માબાપ;
પુત્રીના પૈસા જે લે છે; વેદ પુરાણે છાપ. કહુ૦

(એટલામાં એક જોગી દાખલ થઇ જાય છે)

જોગી--- (નાથ કેસે ગજકો બંધ છુડાયો એ રાગ)

નારાયણ તારી ગતી અતી ન્યારી;
લેખ્યે પાર ન પામું લગારી. ટેક.

બ્રહ્મા વિષ્નુ ઋષ સંન્યાસી, માનવ દાનવ ભારી;
જન્મ મરણ ધરતાં જગતીમાં, એ સૌ આપ આધારી૦
પાપ નિવારણ કર પરમેશ્વર, હર દુઃખકર સુખકારી;
"ભીખન" ભક્ત વત્સળ ભવ તારણ;
વંદુછું વારમવારી. નારાયણ૦

(મેહેલના પાસે આવી અલક પુકારે છે એટલે)

સાવળીંગા—તું ન હુમલા જીયરવા હે પીતા મોરા. એ રાગ.

ભલે આપ પધાર્યા, જોગી મહારાજા: ટેક.
મંદીર મારૂં કીધું કૃતારથ. સર્વ કાર્ય સુધાર્યા.
સીધાં શાકરના બીજ જમાડું, લાડુ આરોગો ધાર્યા;
બાળા છબી નથી કોઈને બતાવી, આવી આપ આધારા.

(જોગી સાવળીંગાનું સ્વરૂપ નીરખી ફેર આવવાથી પડી જાય છે ને બદનો તથા ચીપીયો છુટાં છુટાં પડયાં છે તે જોઈ સાવળીંગા લજવાય છે ત્યાં તેની બાબી આવીને)

ભાભી— **(જોડી તમે ના જોઈ માડી એ રાગ)**

અરે બાઈ આતે શું કીધું; (૨)
બાળનાથ બેહોંશ થયા છે, શેડી થાશે સીધું.
પ્રાણ તો જશે હવે પલમાં; (૨)
બુરૂં કર્યું તેં બાઈ ખરેખર, દયા નથી દિલમાં.

સાવળીંગા—(ભાભી પ્રત્યે)

રાજા હુમે કોમકા ઇંદર મેરા નામ.

ચોપડીયું ભજી ગયું શું એને, આ શો ઇશ્વરી કોપ;
લેશ વાત નથી જાણતી, નવ મુકો આરોપ;
ચક્ષુ એની ફાટી રહીછે, બદન થયું છે લાલ;
મારાને એના વિશે છે, સાક્ષી દીન દયાલ.

(બાવા પર પાણી રેડે છે એટલે જેમ વાદી સુતેલો સર્પ બેઠો કરે તેમ સર્પ બેઠો થાય છે પછી)

સાવળીંગા— **રાગ ગોપીચંદનો.** (ભીક્ષા હાથમાં લઇ)

લ્યો હે બાવાજી, છુટી ભીક્ષાને પધારો હવે;

જોગી—મુખ માગી આપો, અમૃત ભીક્ષા તો ખુશી હું થવં;

સાવળીંગા—અંતર ઈચ્છા શું બાવાજી, કરીએ પ્રગટ વીચાર;

દામ મુખે માગ્યા અમ દેશું, કરોછો અલક પુકાર. લ્યો०

જોગી—વસંત મહીને આમ્ર ફૂલેલો, મંજુલ દેખી મોહોર;

પ્યાસી બપૈયો કોકીલ કારણ, જોડું જુગલ કિશોર. મુખ०

સાવળીંગા—જા લંગોટા છોકર છોડીને, મેહેલાથી રહે દુર;

હમણા તારો ધાણ કઢાવું, કરૂં સજા ભરપુર. લ્યો०

જોગી—તેરા મદમેં અભી ઉતારૂં, રખ સે રંડી યાદ;

ભૂપ સદેવંતકું બીઠા દર્શી, અભી કરૂં ફરીયાદ. મુખ०

(જાય છે.)

પ્રવેશ ૨ જો.

સ્થળ— રસ્તો.

(સદેવંત જોગીને ઉદાસ થએલ જોઈને.)

સદેવંત— **કહું શું નસીબે દુઃખીયો કીધોછે એ રાગ;**
જોગી ક્રોધ તું શાને કરે છે;
શું દુઃખ તારા દિલમાં ધરે છે. ટેક.
સત્ય કહે નહીં તો મારા સમ છે. સત્ય થકી પ્રભુ શાન્તી કરેછે;
સાધુ બ્રાહ્મણ કોઇ સંતાપે, પૂર્ણ ગુસ્સો મને તેની પરે છે. જોગી૦

ગોરખો— **મુજ ઉપર ગુજરી પીતા પાદશાહ જાણી એ રાહ.**
હું ભરતખંડમાં જન્મ્યો, તરૂણ વય તેવી;
દ્રીગ લોચન ચંચળનાર, અપ્સરા એવી;
આ મૃત્યુ લોકની માંય, નથી કોઈ નારી.
વાદળમાં ઝબુકે વીજ, પ્રેમ ધરનારી;
સાવળીંગા તેનું નામ, ચીત હરનારી.
છે સામી સરૈયા ઓળ, મેહેલની બારી;
તેનું તેજ જોઇને ચંદ્ર, સંતાને રહે છે;
બોલેછે મધુરા બોલ, કોકીલા કહે છે.
(સર્વ હકીકત કહેછે તેથી સદેવંત જાય છે)

પ્રવેશ ૩ જો.

સ્થળ—માતાનું દેરૂં અને બગીચો.

(સાવળીંગા નું દેરીએ જઈને વ્રક્ષલતા જોઈને.)

ધનાશ્રીની ગઝલ.

સાવળીંગા—વ્રક્ષ ઘટા ઘમઘોર. શાણી સખી,
વ્રક્ષ ઘટા ઘમઘોર. ટેક.

શુક સુડા સ્વર કોકીલ સુંદર, મધુરા ટહુકે મોર; શાણી૰
સુંદર મનહર પુષ્પ ખીલ્યાં છે, જોઇ સુગંધીનું જોર. શાણી૰
મધુકર મનહર કરતાં ગુંજારવ, કાપેછે કાળજ કોર. શાણી૰
વેલી ઝુલેલી ખીલેલી ચંબેલી, કળીયો જુગલ કીશોર. શાણી૰

સાહેલીયો— **આવોને નંદલાલ રમવા આવેનોરે એ.**

કુંજ ઘટામાં જઇએરે, ચાલો કુંજ ઘટામાં;
લલીત સુગંધી લઇએરે, ચાલો કુંજ ઘટામાં. ટેક.
મંદ મંદ વાય વાયુ મધુરો, પસંદ કરે નીજ પ્રાણુને પૂરો;
આનંદ નથી અધુરોરે; ચાલો૰
હાસ્ય વિનોદની વાત વિસ્તરીએ;
ફુલ વીણી જોવા વન માંહી ફરીએ;
કુંસુંમનો કંચવો કરીએરે. ચાલો૰

(સદેવંત છાનો આશો પાલવ નીચે ઉભો છે સાવળીંગાની નજર જતા પોતાની સાહેલીથી છુટી પડી)

સદેવંત—(સાવળીંગાની પાસે આવેછે સાવળીંગા ઘુંઘટ તાણે છે)

મુજ ઉપર ગુજરી પીતા પાદશાહ જાણી એ રાહ.

હે મૃગલી ફાળુ ભરે. ભટકતી વનમાં;
શુભ કામદેવની છબી, વસી તુજ તનમાં.
તારૂં ચંદ્ર પ્રકાશીત મૂખ, જોઈને ઝુરૂં;
વિજોગી પક્ષી વૃક્ષ. મદન સુખ પુરૂં.
મદ ભર્યા મૃગી તુજ નેન, હરે મન મારૂં;
ખુરબાન જીવ તુજ ઉપર, પ્રેમ સુખ પ્યારૂં;
તુજ અંગ અલંકૃત મોહ, દિન નીશા ડોલું.
ભર જોબનવંતી જોઇ, આવે મને ઝોલું;

માટે તું ઘુંઘટ ખોલ, શાંન્ત કરનારી.
મીઠા તુજ લાગે બોલ, ચીત હરનારી.

સાવળીંગા— **સોરઠની ગઝલ.** (હરી ગીતમાં)

ઘુંઘટડે કાળો નાગ છે; બીછુડો ડંખજ મારશે;
તે નેણાં બાણુજ વાગશે, અહીં તમને કોણ ઉગારશે;
હું ખોલું મારો ઘુંઘટો, મરે કાં માંદો થાય છે;
અબધુત આદી છળી ગયા. જોઇ ચેહેરો ચકરી ખાયછે.

સદેવંત—સંસારમાં સ્ત્રી રૂપતો, એક ચમત્કારી ચીજ છે;
દુઃખમાં દિલાસાદાર, ચમકે વીના વાદળ વીજછે;
છે તન જુદાં નહીં દિલ જુદાં, જુવંતી નીશ્ચે જાણુશો;
આ દેહ હું અર્પણુ કરૂં, અંદેશો ઉર નવ આણુશો.

સાવળીંગા—નવ જોઉ તમને રાજ ત્યારે, મન મારૂં મુંઝાયછે;
ઝુલેલી આ જોબન કળી, મળી તેજ ડેલુ ખાયછે;
મીઠો મધુકર જો મળે, તો સુખદ સીંધુ રેલીયો;
ચંપાશું નાગર વેલ્ર શોભે, છોડી દીધી સાહેલીયો;

સદેવંત—સુપાત્ર રત્ન છોડું નહીં, લેશું રાણીજીની રીતડી;
બંધાણો જીવ બેશક ખરેછે, પુર્વ જન્મની પ્રીતડી;

સાવળીંગા— મુજ ઉપર ગુજરી પીતા પાદશાહ જાણી;
સીંહને ઓળોછે વંન, હે રાજન મારા.
વનને ઓળોછે સીંહ, પ્રાણુના પ્યારા;
જળ વીના ટળવળે મીન, ઝુરૂં તમ માટે;
તલખુંછું વારમવાર, કલેજું ફાટે;
આ કામ કેલીની વળી, ખીલીછે કળીયો;
આ પુષ્પ કરો ગુંજાર, મધુકર મળીયો;

તમે ભણવાકાજ નીશાળ, આવજો રાએ;
ત્યાં કરશું મેળો ખાસ, વખત બહુ જાએ;

(જાયછે)

પ્રવેશ ૪ થો.

સ્થળ—નીશાળ.

સાવળીંગા— (સ્વગત) **સીતાજીના મહીનાનો રાગ.**

નાવ્યા પ્રીતમ પ્રાણ આધાર, દિલાસો દઈ ગયા;
પ્રતિદીન ઝુરૂં બાંધી પ્યાર, દિલે નહીં હશે દયા.
મારા મધુરા કળાયલ મોર, વિના ગમતું નથી;
આંબે ટહુકે કોકીલ કિશોર, તે તું જંખતી અતી.

રાગ કંગનવા મેરા કરસેં સરક ગયોરે.

બધા છોકરા—મો પાટ લઇએ મેહેતાજી ખીજે માટે મળીરે;
૧ લો છોકરો—પાડા મુંડ કહેવાશુરે; ચાબુકના મારજ ખાશુંરે;
૨ જો છોકરો—એ છે ગોવંદજી ટરડો, સોટીથી ફાડે બરડો.
૩ જો છોકરો—ભુંડો બેરો છે ભરડો, ઘરડો કાયા ગળીરે;
બધા સાથે—ચોપાટ લઇએ મેહેતાજી ખીજે માટે મળીરે.
કાણીયો—બારખડી તો લખીયારે, મસ્તીખોરો છકીયારે;
૧ લોછોકરો—મુજ કડીયે ઝાઝા બખીયા;
૨ જોછોકરો—પંડયો જનમના દખીયા.
કાણીયો—ખીજે તો ફોડે અંખીયા;
૩ જો છોકરો—ખીજ્યો ભુંડો વળીરે.
સર્વ સાથે—ચોપાટ લઇએ મેહેતાજી ખીજે માટે મળીરે,

(મેહેતાજી આવેછે એટલે)

મેહેતાજી— રાગ ઇંદ્રસભાનો

સૌ સૌની જગો સંભાળી બેસોને તમો;
ભુત માફક નીશાળ માંહી ભમો.

(એટલામાં સદેવંત હળવે હળવે દાખલ થાયછે.)

સદેવંત— (બધે તપાસી નજર કર્યા પછી સ્વગત)

બીહાગની ગઝલ.

જાણું નહીં હું કેણુ કથન એ, પ્રીયા થકી પ્રસંન;
નવડેરામાં નવલ કીશોરીએ, આપ્યું છે વચંન;
પ્રીત લગાડી પ્રાણ પ્રીયા એ. દીલમાં આવેડોલ;
વગર મેળાપે વ્યાકુળ જેના, મુખના મીઠા બોલ.

સદેવંત— (મેહેતાજીને) **હોરી.**

ફગુનકે દીન ચાર સખીરી એ રાગ.

ચંપા બાગમાં આજ ઉજાણી, માટ બોલાવે કોઠારી તમોને; ટેક.
સીધાં તમારી વીના નહીં તોળે, કુશળ કરો એ કાજ; ઉજાણી૰
ચોંપે પધારો મેહેતાજી સાહેબ, છો મારા શીરતાજ; ઉજાણી૰

મેહેતાજી—રાત ન સારી આઈ નીંદ એ રાગ.

આવીશ પાછો એક ક્ષણુંમાં, સોંપુ આ નીશાળ;
લેશન ગોખી રાખો સર્વે, જોડે પાડીશ ટાલ્ય.

સદેવંતને નીશાળ સોંપી જાટછે સદેવંત સઘળા છોકરાંને કાઢી મુકેછે કાણીઓ છાનો પેસી જાયછે સાવળીંગા દાખલ થાયછે.

સીતાજીના મહીનાનો.

સાવળીંગા—રાજા હૈયું રાખોને હાથ, નેણાંને વારજો;
ચંચળનેન ગતીછે શ્વાન, તારૂણીને તારજો;

મેલ્યાં ખોળાની અંદર શીશ, પાલવડો છુટો કર્યો;
છુટે જોબન આંબા મહોર, એમાં અર્થ શું સર્યો.

સદેવંત—મારી આંખો અખજ ખાય, તારે માટે ટળવળું;
તૃષાતુર પપૈયો થાય, અમૃત રસમાં મળું;

સાવળીંગા—પ્રીત કરવા સદેવંત આજ, પ્યારાં નેણમાં ઝુરી;
દીલ ફેરી ઓલાવો દાઝ, આશા પુરે ઈશ્વરી.

(કાણીયો ડોકાં કાઢે છે તેને મારેછે)

પ્રવેશ ૫ મો.

ગોરનો બગીચો.

(સાવળીંગાને ગોરાણી સમજાવી ભાત લઈ વાડીએ મોકલે છે સાવળીંગાને આવતી જોઇ)

સદેવંત— સોરઠની ગઝલ.

છુટે પટે તમે પદમણી, એમના એમજ આવજો;
પાલવ ખુલ્લો મુકી પ્રેમદા, એને આડેરો નવ લાવજો. ટેક.
છુટે પટે અતી સુંદરી, હાલર હુલર દિપે સારીયાં;
સાવળીંગા તું સમ તુલ્ય નાવે, નગર મધ્યે નારીયાં.

(સાવળીંગા ઘુંઘટ તાણી આવેછે સદેવંત રીસાય છે તેથી)

સાવળીંગા— રાગ ઉપરનો.

હે ચંપા તુજને મધુકર છોડે, મુજને છેડે સાજનાં;
હુને પ્રીને અમે આવીયાં, રીસે ભરાણા રાજનાં. ટેક.
કીધું ન કડવું વેણ, પ્રીતમ પ્યાર પરખો આજના;
એ ગાઉ આવી આપ ખાતર, રીસ છોડો રાજનાં.

(કાણુીયોને બાડીયો વાર લાગવાથી વાડીમાં ડોકાય છે સાવળીંગા લજવાઈ જાય છે ને રજા માગે છે સદેવંત પણ તે જોઈ ઉદાસ થાયછે પછી)

સાવળીંગા— **જીલ્લા ગઝલ,**

(મેં અસીર જાતા હું હજારકું સલામ એ રાહ.)

જાઓ જીભેથી નહીં કહું, કહું તો જીભ કપાય;
જાતાં તમને જાણીને, વડી વિમાસણ થાય.
વાડી થકી વળીયા દેખી, દાઝે છે દીલ માંય.
સાજન તમને છોડતાં, વાડી ખાવા ધાય,

સદેવંત—સુંદરી ચાલી જાય છે, વછવો વાડી માંય;
કુડુ કરીયું કાણુીએ, છોડી શીતળ છાંય.
ક્યારે થાશે મેળાપ તારો, કહેને સત્ય વચન;
મૃગ હું ટોળાં પડું વિખુટો, પ્યારી થાઓ પ્રસંન.

સાવળીંગા—કાલે ચંદન બાગમાં, કરવોછે મેળાપ;
વેલા આવજો વાલમા, તનનો ટળશે તાપ.

(જાય છે)

પ્રવેશ ૬ ઠો.

સ્થળ—સદેવંતનો મેહેલ.

સદેવંત—(સ્વગત) **ભેરવીની ગઝલ.** (નારાચ છંદ)

(ચંદ્રમુખીને એકલી, છોડીને હું આવ્યો અહીં. એ રાહ)

સ્વપ્નાંતર સાચુ નહીં, શરીર શુદ્ધ તો ગઇ;
શશી મુખી વિના અહીં, સદાય ચેન છે નહી. ટેક.
પલંગ પાસ પાંજરૂં, હિરામણો સુનો હજી;
નીરાશ નાર તેં કર્યો, શૃગાર સુંદરી સજી;

ઝુરેછે ન્યાળી ઝાંઝવા, નિરે નિરાશ મૃગ થઇ;
ગયો પ્રયત્ન નિષ્ફળા, શું આંખ ઊઘડી ગઇ.
મધુર વેણ બોલીને, ખરોજ પ્યાર ખોલીને;
જણાવતી બધું. મને, દિલે ખુશીથી ડોલીને.

(એક ચીઠી લખી હીરામણની કોટે બાંધે છે પાછી ખબર પોપટ લાવેછે તે ચીઠીમાં સાવળીંગાએ લખેલ છે તે પોતે વાંચે છે)

સહીયર દુઃખ શું દાખવું. એ રાગ.

ચોંપે આવો ચંદન બાગમાં, જોઇ લાગ જરૂર;
દાસી ઝુરે રંગ મહોલમાં, મારા રાજ મધુર. ચોંપે.
આશોપાલવને ઓળવે, આવે આમ્ર સુગંધ;
મંદ મંદ વાયુ વાયઁ છે, વાવ્યાં કદળીના વૃંદ. ચોંપે.

(ચીઠી હિયા સાથે દાબીને)

સદેવંત— **દક્ષીણી લાવણી.** (ચેતનાં પડે દશ પીયુ વીનારે.)

પ્રાણ વલ્લભા, પ્રેમની ભરેલીરે;
ચંદન બાગ, સુખ અથાગ, જોઇને લાગ;
મધુરા રાગ, સાથ લઇ સાહેલીરે. ટેક.
વામશે પ્રત્યેક, સખીયો સાથ મેલીરે;
આવશે પાસ, શશી પ્રકાશ, અમૃત આશ.
પુરશે પ્યાસ, વેણથી વરેલીરે. પ્રાણ૰
જરૂર એક જીવ. જોબને ખિલેલીરે;
પુરણ પ્રેમ. તજશે કેમ જરૂર જેમ.
કુશળ ક્ષેમ, મળશે વેહેલી વેહેલીરે. પ્રાણ૰

પ્રવેશ ૭ મો.

સ્થળ—સાવળીંગાનો મેહેલ.

સાવળીંગા—(સખી પ્રત્યે.) **આશાગોડી.**

ચાલોને ચંદન બાગે, સખી આજે, ચાલોને ચંદન બાગે;
શુક સુડા સ્વર કોકીલ ટહુકે, આંબા ડાળની આગે. સખી૦
મોર મનોહર મેનાં ચાત્રક, રૂડા પ્રકારના રાગે. સખી૦
ફાગુન આવ્યો ફુલ્યાં તરૂવર, તે સુખકો જન ત્યાગે. સખી૦

(જાય છે)

પ્રવેશ ૮ મો.

સ્થળ—સહદેવંતનો મેહેલ.

(સહદેવંત સ્ત્રીના લુગડાં પેહેરે છે એટલે તેની રાણી અને દાસી વાત ચીત કરે છે)

પાટમદે— **હાડાજી શું કરો સહાસ આ એ રાગ.**

કેમ ધર્યુ તમે કામની રૂપ આ, કોણે બતાવી આ રીતરે. ટેક.
મરદ મટીને બનીયા માદા, પ્રીયા કોણે જોડી પ્રીતીરે. કેમ.
રાણીનો સંગ તજો કેમ રાજા, મારે શીરે નથી વીતીરે. કેમ.
શાસ્ત્ર ઉલંઘન શીદ કરોછો. ખોટી કરોછો ક્ષીતીરે. કેમ.
પ્રીયા પોતાની જેહ તજે છે, હારેછે બાજી ઝીંતીરે. કેમ.

સહદેવંત— **રાગ ક્ષત્રીકલંકનો.**

મારી વાતમાં પાડે તું વિઘન, અપશુકની મુખ અળગુ કરેરે.
મારૂં કેમ હઠી જશે મંન; જોઇને તને અગ્ની ઝરેરે;
મારે શોધવા જાવોછે શીકાર; અપશુકની.૦

રાંડ લુચ્ચી તું શું છે કરનાર; જોઈને૦
તારે તે પુછવાની શું જરૂર; અપશુકની૦
ખાઈ પીને રહેને ચકચુર. જોઈને૦

(સદેવંન તલવાર ખેંચેછે એટલે દાસીયો આંર્જવના કરી કહેછે)

દાસીયો— (ભરથરી ભ્રાતા વીચારીને તમે કરો ન હુંપર કોપ)
રાજા થઈ રામા રૂપ ધરવું, વિપરીત કામ વિચાર્યું;
મહારાજ આજ, (૨) તમે કરો અમારૂં વાર્યું.
જંગલ મધ્યે, (૨) પશુ પક્ષી વાસ કરેછે;
રાજકુંવર આ રીત ઊલટી; રાણી રોઈ મરે છે,
કરો આંખો લાલ; (૨) સ્ત્રી વેશ ન લાગે સારા;
દયા ધરોને રાજ અમારા, ચાલે અશ્રુ ચોધારાં;
આ પ્રાણુ તજી, (૨) ને દેશે આત્મ હત્યાએ,
પાપ લાગશે પૂરણુ તમને, જીવ પરાણે જાએ;
કર્યું પાણી ગ્રહણ; (૨) આ રાણી અતીશય રડશે;
ખરો ધર્મ તમે ખંડન કરશો, દોષ ઘણો શીર ચડશે.

રાગ ક્ષત્રીકલંકનો.

સદેવંત—બહુ ગમતો નથી બકવાદ,
ચરીત્ર સ્ત્રીનાં છોડો તમેરે,
ફંદી ખોટી તમારી ફરીયાદ;
ચુપકીથી બેસો આવે શમેરે.
નર નારીનો શું છે ગુલામ; ચરીત્ર૦
કરે હુનર હજારો હોય કામ, ચુપકીથી૦

ઝાઝું કહેશો તો ખેંચી કાઢું જીભ. ચરીત્ર૦
ત્રીયા કરૂં શમશેર તરતીબ. ચુપકીથી૦

(જાય છે)

પ્રવેશ ૯ મો.

સ્થળ—રસ્તો.

(સદેવંત સ્ત્રીને વેશે સ્વગત ગાતો ગાતો જાય છે)

સદેવંત— ગુલે ગુલઝારના જોરાનાઇ; એ રાગ.

દીઠા વિણુ ચેન પડે ન લગાર;
રમું રતી રંગ બની હુશીયાર. ટેક.
મરમાળાં છે મદનાં ભરેલાં, નારી હુંદા નેણુ;
સાવળીંગા સંતોષ પમાડે, બોલી વાલાં વેણુ.
ઝબુકે વિજળી વારમવાર, રમું રતી રંગ બની હુશીયાર;
દીઠા વિણુ ચેન પડે ન લગાર. ૧
પ્યારી રસ કસ પ્રીતે ચખાડે, પદમણી અનહદ પ્યાર;
તન મન ધનતો અર્પણુ એને, માલ ખજાના અપાર.
ઘુસી જઉં મેહેલાકે મોઝાર. રમું૦ ૨
વેશ ધર્યા વિણુ ત્યાં વીચરવું, મેં જાણું મુસ્કેલ;
ચાર ઘડી સાજનને ભેટી; આવશું પાછા મેહેલ,
પ્રીત ત્યાં પડદો નહીં તિલભાર. રમું૦ ૩

(સાવળીંગાનો મેહેલ જોવા જાય છે)

પ્રવેશ ૧૦ મો.

સ્થળ—મેહેલ.

(મેહેલમાં સાવળીંગા બેઠેલ છે ત્યાં સદેવંતને સ્ત્રીને વેશે જોઇ ગળામાં હાથ નાખી બેસીને)

સાવળીંગા— ભૈરવીની ગઝલ.

(હું જાઉં તજી મારા, મુજ પ્રાણુ ત્યાંરે. એ રાહ)

પ્રીતમ ભલે પધાર્યા, વનિતાને વેશે;
વનિતાને વેશે, વનિતાને વેશે. ટેક.
જીવ આપણુ એક છે, કાયા જુદી છે;
આપું રાણીની રીતડી, સુખ શાંન્તી રહેશે.
માતાને મંદીર આવો, દર્શનને મીશે;
આવશે અહીં ભાભી મારી, ભરાઈ છે રીશે.

(સદેવંત કેડે હાથ દઈ વીલે મુખે જાય છે)

સદેવંત ગયા પછી.

સાવળીંગા—(સ્વગત)

કારી ઘટા કોયલ લલકારી, મેહેલુમે તડપ રહી પ્યારી. એ રાગ

પ્રીતમ બીન ચેન ન પાવે, આ બસંત મહીના જાવે;
વનસ્પતી ખીલી વનવેલી, ઘર મધુકર કરતો ઘેલી.
બાળા જોબન તરૂ ભરપૂર, ભમરછે દૂર ભેટવા આવે. ૧
હું સદેવંત નહીં છોડું, નથી જો તું કરમ ફુજોડું;
છે દંત દાડમી બીજ, ઝબુકે વીજ, ચંદ્ર શોભાવે. ૨
મનમાન્યો નરં નહીં માણ્યો, પડી પ્રીયા ધરાપર પાણો;
નવ વરૂ ફાંકડો છેલ. જોબન રસરેલ, અંગ ફેલાવે. ૩

(સાવળીંગા ચાળ લઈ થાયછે.)

પ્રવેશ ૧૧ મો.

સ્થળ—રસ્તો.

સાવળીંગા રસ્તામાં ગાતી ગાતી જાય છે.

સાવળીગા— **હુમકું છાંડ ચલે બન આઘુ એ.**

આજ ઉદય થયો સુર્ય સોનાનો,
હાસ્ય વિનોદ કરીને વળુંરે;
કંથ કળાયલ મોર મનોહર, શ્રેષ્ટ સદેવંતને જઈ મળુંરે. આજ૦
વાટ જોવે વરસાદ તણી જેમ, ચાતક મયુર પુકાર કરેરે,
તેમ વિયોગણુનાર વિના પ્રીય, જોબન ઝરણુ શરીર ઝરેરે.
પારસ દેહે લોહ પરસતાં, કંચન કાયા થશે તનમાંરે. આજ૦
શાંન્ત સદેવંત રાય વિનાની, વીખુટી મૃગલી ફરૂ વનમાંરે;
સત્વર ચાલ જઉ મંદીરે, પ્યાર જણાવું પ્રીતમની કનેરે.
મળવાથી મોતીના મેહુલા વરસે, મંજુલ જોડું ગમેછે મનેરે. આજ૦

(જાય છે)

પ્રવેશ ૧૨ મો.

સ્થળ—માતાનું મંદીર.

(માતાના મંદીર પાસે આવી સાવળીંગા સાદ કરેછે જવાબ નહીં મળવાથી)

સાવળીંગા— **રાગમાઢ.**

આશી અચરજની વાતરે, દેરૂં ખાલી ખાવા ધાય;
ભુંડી પડશે શીર ભાતરે, મારી આશા અફળ જાય. ટેક.
રેન અંધારી એકલીરે, મોટા પર્વત પહાડ;
સાદ કર્યા બહુ સાહ્યબારે, ઝુરે જોબન ઝાડ. આશી૦
દેવળ ફરતા આંટા હુંય ફરી, જેમ ઘુમે કળાયલ મોર;
કાંતો ભરખી ગયા કાળકાને, કાંતો મારી ગયો ચોર. આશી૦
ચાલચડું જઈ શીખરેરે, અંદર કરૂં તપાસ;
ઉંચ આવી અળમેલડા શું, જાઉ હું પાછી નિરાશ. આશી૦

(શીખરથી અંદર ઉતરે છે તપાસ કરતાં સદેવંતને કેટલીક રીતથી જ માડતાં આકાશ વાણી થઈ.)

આકાશ વાણી— **બીહાગની ગઝલ.**

માંકુટ માંકુટ કામની, તારો ઘેને ઘેર્યો ભરથાર;
પ્રીતમ ઉઠશે પ્રભાતમાં, નીશ્ચે જાણો નાર.

(સદેવંતના હાથમાં ધાર લખી જાય છે સદેવત સવારે ઉઠીને વાંચે છે)

પીયુને તજાવનાર વેરી અલંકાર એ.

ઘટકોરે કુંવારી ખોળે, અખ્યાણું જવ જાર;
એવે શકને આવશો તો, નકી મળશે નાર.
જતા મૃગલાં જમણાં ભલા, વળતાં ડાબાં થાય.
ડાબી છીંક સુખી કરે, રાજી થઇને રાય;
તરવર ઉપર તેતર બોલે, ત્રણ ત્રણ કરે શોર.
રાજા રેવંત હાંકી તમે, જડશે જુગલ કિશોર.
ડાબો ખરનેજ જમણો વશીયર, સામે ઉતરી જાય;
એવે શુકને આવો રાજા, લાભ અતીશય થાય.
સુતા સદેવંત દેખી, આવે આંસુધાર;
જઇશ મારે સાસરે હું, ઊગમતે સવાર.

(વાંચી રહ્યા પછી)

સોરઠની ગજલ.

મદમત લોચન એ રાગ.

સદેવંત—કાચી બુદ્ધિની કામનીને, કાં વણીકે ભોળાવી;
પરનાર સાથે પ્રીત તેતો, અંત્યે આંખો ચોળવી;
ભુલથી ન કરશો કોઈ જન, પરનારી સાથે પ્રીતડી.
વઈ ગઈ સદા લાલચ દઈ, નાવી રાણીની રીતડી.

પરનારી કરી પ્રીતડી, છે તલસરાંની તાપણી;
આપો અંગ ઉતારી હાથમાં, તોય આખર નહીં થાત આપણી
પ્રીતી તણાં પરીયાણ જુદાં, મેં કરીને જાણીયા;
નરસો કર્યો નૃપ હું વણી, સો વાહાલા કીધા વાણીયા.

(પોપટ સમજાવે છે તેથી રાજા જાયછે.)

પ્રવેશ ૧૩ મો.

સ્થળ—પનઘટ.

(સદેવંત જોગીને વેશે આવેછે તેને એક માલણ અને કનકાવતી મળે છે)
રાજાને ઢોર માફક પાણી પીતો જેઈ.

માલણ— **જનુંની જીવોરે ગોપીચંદની.**

જોગી તમે કોણ દેશના, દીસો રાજ કુમારજી;
રસ્તો તજો રૂપી કુળનો. કરૂં અરજ અપાર. જોગી.

સદેવંત—દેશ અમારો બહુ દુરછે, જ્યાં બેઠા તીહાં દેશજી;
જોગ લીધો કાયા કારણે, હોંશે કરી હમેશજી. દેશ૦

(પછી માળણ તેને ઘેર લઇ જાયછે અને સાવળીંગાનો મેળાપ કરાવેછે કનકાવતી વરવા ખુશીછે પણ સદેવંત ના પાડેછે)

પ્રવેશ ૧૪ મો.

સ્થળ—મેહેલ.

(રૂપાશાના મેહેલમા સાવળીંગા સાથે રૂપાશા વાત ચીત કરેછે)

રૂપાશા—સાવળીંગા પ્રત્યે.

રાજા હું મેં કોમકા, ઇંદર મેરા નામ એ રાગ.

સાત દિવસતો થયાછે પુરા, કરને હાસ્ય વિનોદ;
હામ પુરી કર હૈયાનીતું, સુંદર શાળુ શોધ.

અણીયાળી છે આંખ તારી, ચકરી આવે ચીત;
પ્યારી પ્રેમબતાવ તારા, ખંજર બાણ ખચીત.

સાવળીંગા—સાત દિવસ તો થયા છે પુરા, ઝરે ફુવારા હોજ;
કરો ઉજાણી બાગ અંદર, પછી કરાવીશ મોજ;
(ઉજાણી કાઢેછે પછી રૂપાશાને કેફ કરાવી બેચેન કરી માલણ સદે-
વંતનો મેળાપ કરાવેછે (અને નાચેછે.

પ્રવેશ ૧૫ મો.

સ્થળ—મેહેલ

(કનકાવતીના મેહેલમાં માલણ સદેવંત અને સાવળીંગાને દાખલ ક-
રેછે કનકાવતીને સદેવંતવરવાની મરજી છે તેથી સદેવંતની પરીક્ષા લેવા સ-
વાલ પુછે છે.)

કનકાવતી—મોહેલે પધારો મહારાજ મજીગર મહોલે પધારો.
આપો ઉત્તર મહારાજ, ચતુર તમે ચીત વીચારો: એ રાગ.
સોંઘામાં સોંઘું કયું; વહાલા અંદર હોય;
દેખતામાં દેખતું કયું, રાજા અંધામાં અંધુ કોય. ચતુર.
વધમાં શું હસવા પણું, કયા ગાયનમાં ગુણ;
અતી સુખ શેમાં રહ્યું, વળી સુખે સુવે નહીં કુંણ. ચતુર.

સદેવંત—આપુંછું ઉત્તર આજ, શ્રવણ કરો અર્થ અમારો:
હે કનકાવતી સાંભળો, પુછયા કેરો પાર;
અકલ નથી કાંઈ એવડી, ભલે રાખજો મારો ભાર. શ્રવણ.
સોંઘું જે મફત મળે, જીવથી વહાલું ન હોય;
જ્ઞાની આંખે દેખતો, વળી અજ્ઞાની અંધો હોય. શ્રવણ.
હસવું વધ વરણાગીને, ગુંણ હરી ગાયન માંય;
સુખ અતી સંતોષમાં, સુખે કરજુથી કેમ સુવાય. શ્રવણ.

કનકાવતી—ગાય વીયાણી ગોંદરે, વાછરડું વાડા માંય;
    દોનારી ઝુલે પારણે, તેનાં છોરૂડાં લસ્કર માય. ચતુર.
સદેવંત—શુરા સંગ્રામે ચડે, હાથ ધરી હથીયાર;
    બંદુક ગોળી જામગરી, રાણી પુછ્યાનો તેતો પાર. શ્રવણ.
કનકાવતી—પડી પણ ભાગી નહીં, કટકા થયા બે ચાર;
    વગર પાંખે ઉડી ગઈ. પ્યારા પંડીત કરોને વિચાર. ચતુર.
સદેવંત—ભોગી પુરૂષને ભાવતી, જગ વિશ્રામજ જેહ;
    સુર્ય પછી શશી ભોગવે. રાણી રાત કહી તમે તેહ. શ્રવણ.
કનકાવતી—લંક લપેટણ શીતા હરણ, નહીં લંકાપતી રાવ;
    જસ કારણ કૈરવ હણ્યા, તમે મુઝવી મગાવો નાવ. ચતુર.
સદેવંત—સૌથી સરસ વખણાયછે, મલકા પુરનાં હીર;
    પુછો રાણી પ્રેમથી. એ તો સુંદરી ઓઢણ ચીર. શ્રવણ.
કનકાવતી—નગરમાં નાગી ફરે, વનમાં પેહેરે ચીર;
    તે ચીજ સુંદર લાવજો, મારી સગી નણુદના વીર. ચતુર.
સદેવંત—સોપારી વખાણું સોરઠી, લીલા પીળા રંગ;
    પ્રીયા વખાણું પાતળી, જેનાં વાળ્યાં વળેછે અંગ. શ્રવણ.
કનકાવતી—વરી ચુકીછું વાલમા, આપ ઉપર ધરૂં પ્યાર;
    પીતા તણી આગ્રા લઇ. ફરૂં ચોરીનાં મંગળ ચાર. ચતુર.

એટલામાં વિદુશક આવીને બકી ઉઠેછે કે મારા વરતનો ખુલાસો આપ્યા પછી જવા દઈશ.

વિદુશક—લાકડાનો કુકડો, લોઢાની ચાંચ;
    દીવસ આખો પદાવું તો, લીંડાં મુકે પાંચ.
સદેવંત—હશીને. **રેંટીયો.**

——— પછી સર્વ જાયછે.

પ્રવેશ ૧૬ મો

સ્થળ—વીરમદેની કચેરી.

કનકાવતી પોતાના પીતા વિરમદે પાસે આવીને સદેવંત વરવાની માગણી કરેછે રાજા વીરમદે તે વાત બહાલ રાખે છે. પછી સાવળીંગાની સાથે સદેવંત વરી ચુકયોછે એમ જાહેર કરી રૂપાશાને તેડવા શીપાઈ મોકલેછે અને સાવલીંગા દાશી સર્વે હાજર થાયછે રાજા પુછેછે સદેવંત પણ દાખલ થાયછે વીરમદે દેવજી ગોરને બોલાવી પુછતાં તે કબુલ કરેછે કે રૂપાશા દાશી સાથે પરણ્યાછે તેથી—

વીરમદે—રૂપાશાને કેરબો.

સાવળીંગાનું શું કરવુંછે. રૂપાશા સુંણોરે;
રૂપાશા સુંણોરે. કેવા તેના ગુંણોરે. ટેક.
ગોર કહેછે સત્ય વચન તે, નીર્મળ કરવો ન્યાય;
મન વિનાનું મળવું તે તો. બીંન સાથ ભટકાય. સા૦
દાસી સાથે ફેરા ફરીયા, સિદ્ધ થાયછે વાત;
માટે તેનું ટુંક પતાવો શું કરવું સાક્ષાત. સા૦

રૂપાશા—જબરજસ્તીથી હું જો રાખીશ, નહીં નીપજે ફળ સારૂં;
હાણુ અને વળી હસવું થાશે, લખી આપવા ધાર્યું.

વીરમદે—સાવળીંગાનું શું કરવુંછે, રૂપાશા સુંણોરે;

રૂપાશા—જવા દીઓને એ લોંડીને, આપું ઉત્તર આજ;
છીનાળ માથે છોગું મેલી, ફજેત કરશે લાજ.

વીરમદે—સાવળીંગાનું શું કરવું છે, રૂપાશા સુંણોરે;

રૂપાશા—માંડવાળું પીળે પાને, દેખી પ્રગટે લાજ;
એ મારૂં નહીં લીલું કરશે. ખરૂં કહું મહારાજ.

બે સ્ત્રીઓનો હસ્ત મેલાપન કરેછે અને સહેવંતને વિદાય કરેછે.

દોહરો.

પુરણ થયું પુસ્તક લઘુ, દીલ કરી દરીયાફ;
"ભીખન" કહેછે ભાવથી, ભુલચુક કરજો માફ.

સમાપ્ત.

જાહેર ખબર.

હમારી છપાવેલી સર્વે બુક નીચે લખેલે ઠેકાણેથી મળશે ભાવનગરમાં પ્રસીધ કર્તા તથા મોદી મગનલાલ જેચંદ પાસેથી તથા તલાટી, મી. મેમેતાજી ગાંડા, તથા જામનગરમાં ઇશાજી મુશાજી, અતરીયાને તાંથી તથા પાલીટાણામાં શા. જેઠા મોતી પાસેથી. મુંબાઇ જમનાદાસ ભગવાનદાસ તથા વશનજી પ્રેમાનંદ. તથા હીમનરામ જપતરામ તથા જેસ્ટારામ મુકુંદજી અમદાવામાં મહાદેવ રામચંદ તથા બાલાભાઇ, જુનાગઢમાં ગોર્વીંજી નાનજી તથા વઢવાનમા દવે જગજીવાન પ્રાગજી પાસેથી મળશે.

અબદુલ હુસેન આદમજી પ્રસીધ કર્તા.

આ બુક તેના કર્તા જોશી ભીખારામ શવજી પાસેથી અને મીસ્ત્રી પીતાંબર વસ્તાની મીલના મેનેજર સુતાર પુરૂષોતમ મેઘજીભાઇ પાસેથી રોકડી કીમતે મળશે.

ભીખારામ શવજી કનૈયા.
તથા મસ્ત્રી પીતાબર વશતા ભાવનગર
ન. કારખાનામાં

જાહેર ખબર.

હું નીચે સહી કરનાર સર્વે સદગ્રહસ્થો તથા બુકસેલરોને નમ્રતા પુર્વક અરજ કરૂછું કે આ બુક તેમજ ઉરદુ, અરબ્બી, ફારસી, સંસ્કૃત, હીંદુસ્તાની, મરાઠી; અંગ્રેજી તથા ડીંગોની તથા અંગ્રેજી ગુજરાતી કોપીબુક તેમજ વારતાઓ નાટકો વીગરે જોઇતી બુક ઘણેજ કીફાયેત ભાવે આપવામાં આવશે. તેમજ નીચે લખેલી બુકો હમારી તરફથી છપાઈ બહાર પડી છે તેમાં ઘણુંજ સારૂ કમીશન આપવામાં આવશે.

કાઠીયાવાડની ભુગોળ	૦—૧—૬
મુંબાઇ ઇલાકાની ભુગોળ	૦—૧—૬
હીંદુસ્તાનની ભુગોળ	૦—૨—૦
ગુજરાતના ઇતીહાસનો સંક્ષીપ્ત સાર..	૦—૧—૦
વીજળી વીલાપ ગાયન	૦—૧—૦
પૃથુરાજ રાઠોડ નાટક...	૦—૩—૦
રાસલીલા નાટક	૦—૧—૦
મોતીશાને હાહીવહુનો ફારસ... ...	૦—૧—૬
શ્રીકૃષ્ણ વીલાસ ગાયન	૦—૨—૦
શપાઈ હમનો રમુજી ફારસ... ...	૦—૧—૩
આશક સંકરખીનો રમુજી ફારસ ...	૦—૧—૦
[illegible]જનતા મેળવવાના પાયન ...	૦—૧—૦
ભાલીયા વીગરે કવિત	૦—૧—૦
રામરક્ષા શટીક...	૦—૧—૦
નારાયન કવચ શટીક	૦—૧—૦
મહીમ્ન સ્તોત્ર શટીક	૦—૨—૦
પૃથુરાજ ચોહાન નાટક છપાય છે...	૦—૬—૦

સ્વૈરત સતવંતીના ગાયનરૂપી નાટક ... ૦—૧—૬

હરી રસ. ... ... ૦—૨—૦

નરસીમેહેતાના દીકરાના વીવા ... ૦—૩—૦

રા'ખેંગાર રાણકદેવી તથા સીધરાજ જેસ
સીંહનાટક છપાય છે. ... ૦—૫—૦

હરીપ્રસાદ ચીરત ... ... ૦—૧—૦

ઉપર લખેલી બુકો નીચે લખેલે ઠેકાણેથી પણ મળશે. ઘોઘાને દરવાજે બુકસેલર મગનલાલ જેચંદ પાસેથી.

જાહેર ખબર.

આ બુક ભાવનગરનાં પ્રસીદ્ધ કર્તા પાસેથી તથા નીચે લખેલા ઠેકાણેથી મળશે.

મુંબાઈ. જમનાદાસ ભગવાનદાસની કું. પાસેથી.

,, દફતર વશનજી પ્રેમાનંદ ચહેતાળા પાસેથી.

,, હીમતરામ જીવતરામને ત્યાંથી.

શીહોર. નંદલાલ ભીખારામ તથા અબદુલા કાશમને ત્યાંથી.

અમદાવાદ. માણેકલાલ રાયચંદ બુકસેલરને ત્યાંથી.

તળાજા. મેહેતા શામજી ગાંડાને ત્યાંથી.

પાલીટાણા. શા. જેઠા મોતીને ત્યાંથી.

જેતપોર. મેમણ તૈયબ અબુ બુકશેલરને ત્યાંથી.

જુનાગઢ. ગોવીંદજી નાનજી બુકસેલરને ત્યાંથી.

અમરેલી. જોશી કામેશ્વર આધારજી પાસેથી.

લીમડી. છગન શંગજી બુકસેલરને ત્યાંથી.

વઢવાણ. દવે જગજીવન પ્રાગજી બુકસેલરને ત્યાંથી.

એ સીવાય બીજાને ત્યાં બુકશેલરો પાસેથી મળશે. તથા ઘોઘાના દરવાજે મોદી મગનલાલ જેચંદ પાસેથી.

અબદુલહુસેન આદમજી—બુકસેલર ભાવનગર.